ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# બોલો, ગુજરાત કરતાંય શહેરી ગાંધીનગરમાં માટીના તળીયાવાળા મકાનો વધુ

**ગાંધીનગરાઓ ઘરની ફર્શ મોઝેક ટાઈલ્સની નથી બનાવતા પણ ધાબામાં ચાઈના મોઝેક પહેલી પસંદ**




ગાંધીનગરના રહેણાંક મકાનોની દિવાલો જેમ પાકી છે એમ ઘરની ફર્શ (ઈન્ડે) પણ પાકી છે. એ રીતે ગાંધીનગરના મકાનો પૈકી ઘરની દિવાલ, ફર્શ પાકી બનાવવા તરફનું વલણ છે જ્યારે ઘરની છત પાકી ન હોય તો ચાલે એવી સ્થિતિ સેન્સસના આંકડાઓમાં દષ્ટિમાન થાય છે. આ વિશેષતા સાથે એક નોંધપાત્ર વિશેષતા એવી પણ જોવા મળે છે કે ગાંધીનગરના રહેણાંક મકાનો પૈકી શહેરી વિસ્તાના રહેણાંકોમાં ૭.૨૦ ટકા રહેણાંક એવા છે કે જેની ફર્શ ગાર-માટીની બનેલી છે. ગુજરાત અને ગાંધીનગરની સરખામણી કરીએ તો બહુ મોટો ભાગ ગાંધીનગર શહેરનો હોવા છતાં શહેરી ગુજરાતની સરેરાશ કરતાં પણ વધુ શહેરી ગાંધીનગરમાં કાચી માટીની ફર્શના મકાનો વધુ નોંધાયા છે. કાચી માટી કે ગારના આ મકાનો શહેરી ગુજરાત કરતાં પણ વધુ ૪ ટકા રહેણાંક વાળા છે. સામાજિક ભૂગોળ અને સમાજશાસ્ત્રીય દષ્ટિકોણથી આ બાબતને સમજવી હોય તો એમ કહી શકાય કે પાકા મકાનોની વચ્ચે એવા કેટલાય પરિવારો છે જે ઝુંપડાવાસી છે. ઉપરાંત જો મકાનની દિવાલ પાકી હોય તો પણ ગાંધીનગરના આ રહેણાંકોની છત પ્લાસ્ટીક-મિણીયા કે એસ્બેસ્ટોસ શીટની અને ઘરની ફર્શ માટીની બનેલી છે. ગાંધીનગર શહેરના ચરેડી, આદિવાડા, સે. ૧૩ની આસપાસનો રેલવે પાસેના વિસ્તાર છે જ્યાં આવેલા રહેણાંકો (ઝૂપડપટ્ટી)માં આવી સ્થિતિ હોય જ એમ આપણે સમજી શકીએ. જોકે અહીં એક સારી બાબત એ પણ આપણે જોવી જોઈએ કે ગુજરાતના ગ્રામીણ સેન્સસ વિસ્તારને ધ્યાનમાં લઈએ તો કુલ રહેણાંકના અડધોઅડધ રહેણાંક મકાનો ગાર-માટીના (૪૫ ટકા) બનેલા છે. જ્યારે ગ્રામીણ ગાંધીનગરમાં એ શહેરી ગુજરાત કરતાં અડધા (૨૭ ટકા) જેટલા છે. આમ, ગ્રામીણ ગુજરાત કરતાં ગ્રામીણ ગાંધીનગરના રહેણાંકોમાં ફર્શ, ગાર-માટીની બનેલી હોય એનું પ્રમાણ ઓછુ છે.

ઘરની ફર્શમાં મોઝેક ટાઈલ્સના વપરાશની વિગતો ચકાસીએ તો ગુજરાતની સરખામણીએ ગાંધીનગર મોઝેક ટાઈલ્સના વપરાશ/ઉપયોગમાં પાછળ છે એમ જોઈ શકાય છે. ગુજરાતના ગ્રામીણ ક્ષેત્રના આંકડા દર્શાવે છે કે ૧૬ રહેણાંકોમાં અને શહેરી ક્ષેત્રમાં ૬૦ ટકા મોઝેક ટાઈલ્સ વપરાય છે. પરંતુ ગાંધીનગરની વાત કરીએ તો ગ્રામીણ વિસ્તારમાં ૧૩ ટકા અને શહેરી વિસ્તારમાં ૫૪ ટકા રહેણાંકમાં મોઝેક ટાઈલ્સનો ઉપયોગ થાય છે. ગાંધીનગરથી તદ્દન નજીકમાં જ ગોતા (એસ.જી. હાઈવે) ટાઈલ્સ અને સેનેટરી સાધનો માટેનું બહુ મોટુ બજાર હોવા છતાં અને ગાંધીનગરની નજીકના જ હિંમતનગરમાં છેલ્લા થોડા સમયથી ટાઈલ્સની અનેક ફેક્ટરીઓ ઉભી થઈ હોવા છતાં ગાંધીનગરાઓ 'મોઝેક ટાઈલ્સ' ફર્શમાં જડાવવા માટે ઉત્સુક જણાતા નથી. મજાની વાત એવી પણ કહી શકાય કે ગાંધીનગરના રહેણાંકમાં ઘરની ફર્શ મોઝેક ટાઈલ્સની હોવાનુ પ્રમાણ ઓછુ છે પરંતુ ગાંધીનગરના શહેરી વિસ્તારમાં રાહતદરના



સુંદર સંધ્યા - નગરના પ્રાકૃતિક વૈભવનો પાવન નજારો એટલે અલૌકિક સંધ્યા... વૃક્ષો મંદ-મંદ પવનની લહેરખી વહેવડાવવાની સાથે વાદળોની આવન-જાવન વચ્ચે સૂર્યનો અસ્ત અલૌકિક દશ્યનું નિર્માણ કરે છે... આબુના સનસેટ કે કે દરિયા કિનારે સૂર્યાસ્તના નજારાને પણ ભૂલાવે એવું અદભૂત દશ્ય પાટનગરના પાદરે સર્જાય છે...

# ન્યુ ગાંધીનગરનો વિસ્તાર વાહકજન્ય રોગચાળા માટે અતિસંવેદનશીલ

**કુડાસણ અને તેની આસપાસનો વિસ્તાર સંવેદનશીલ જણાયો : તાલુકાની સમગ્ર ટીમ દ્વારા ચાલી રહેલા સર્વેલન્સમાં મચ્છરોના બ્રિડીંગ મળી રહ્યા છે : તાવના દર્દી પણ ૧૫ થી વધુ મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર તાલુકામાં કુડાસણ એ તેની આસપાસના વિસ્તારો એ વાહકજન્ય રોગચાળા માટે અત્યંત સંવેદનશીલ વિસ્તાર તરીકે ઉભરી રહ્યો છે. આ પંથકમાંથી ડેન્ગ્યુના છુટા છવાયા કેસો મળી રહ્યા હોવાથી તંત્રએ પણ આ વિસ્તાર પર સૌથી વધુ ધ્યાન કેન્દ્રીત કર્યુ છે.

મેલેરિયા તંત્રએ રોગચાળાની સ્થિતિ નથી પરંતુ અગમચેતીના પગલાં રૂપે આજે કુડાસણ અને તેની આસપાસના વિસ્તારો જે ન્યુ ગાંધીનગર તરીકે વિકાસ પામ્યા છે તે વિસ્તારોની સોસાયટીઓના પ્રમુખ-મંત્રીઓની એક રાત્રિસભાનું પણ આયોજન આજે કર્યુ છે.

રાધે હોસ્પિટલની ઉપર આવેલા હોલમાં આ રાત્રિ બેઠકનું આયોજન કરાયુ છે. ન્યુ ગાંધીનગર વિસ્તાર વિકાસ મંડળ અને જિલ્લા મેલેરિયા તંત્રના સંયુક્ત ઉપક્રમે આ બેઠક યોજવામાં આવી છે. જેમાં આરોગ્યતંત્રના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહેનાર છે.

મળતી વિગતો પ્રમાણે હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ બાદ પણ અહિથી મળતા ડેન્ગ્યુના

**છુટા છવાયા ડેન્ગ્યુના કેસો મળતા તંત્ર હરકતમાં : આજે સોસાયટી વિસ્તારના હોદ્દેદારોની ખાસ રાત્રિસભા : નિષ્ણાતો વિશેષ માર્ગદર્શન માટે આ રાત્રિસભામાં આવશે**

છુટાછવાયા કેસોને પગલે ગાંધીનગર તાલુકાના આરોગ્ય વર્કરોની આખી ટીમ આ વિસ્તારમાં પુનઃ સર્વેલન્સ માટે ઉતારવામાં આવી છે. આ નવા સર્વેલન્સમાં પણ મચ્છરોના બ્રિડીંગો મળી આવ્યા હોવાનું જાણવા મળેલ છે.

બિનસત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આ વિસ્તારમાંથી તાવના દર્દીઓ પણ મળી આવ્યા છે. જોકે મેલેરિયા અને ડેન્ગ્યુના આ દર્દીઓમાં જોવા મળ્યો નથી એટલે તંત્રએ રાહતનો દમ જરૂર લીધો છે.

આ ન્યુ ગાંધીનગર વિસ્તાર એ અમદાવાદ સાથે સૌથી વધુ સંકળાયેલો છે અને તેથી આ વિસ્તાર સંવેદનશીલ વધુ બન્યો હોવાનું મનાઈ રહ્યું છે.

આજે મળનારી રાત્રિસભામાં મેલેરિયા તેમજ વાહકજન્ય રોગચાળામાં કેવી રીતે બચી શકીએ. આપણે શું કાળજી લેવી જોઈએ, મચ્છરોની ઉત્પત્તિ કેવી રીતે અટકાવી શકીએ તેવા વિવિધ પાસાંઓ પર નિષ્ણાતો દ્વારા સરળ સમજૂતી આપવામાં આવશે. આ બેઠક એ જનજાગૃતિ અભિયાનના ભાગરૂપે યોજાઈ રહી

● અનુસંધાન પાન-૭ પર

# આગામી ૬ ઓગષ્ટથી ગુજરાતમાં ભારે વરસાદના સંજોગો : અંબારામ

**૩ ઓગષ્ટથી હળવાથી મધ્યમ વરસાદની સંભાવના : દક્ષિણ ગુજરાત સહીત દરિયાકીનારાના ભાગોમાં ભારે વરસાદના અણસાર**

ગાંધીનગર, તા. ૨૯

દેશના વિવિધ ભાગોમાં અતિવૃષ્ટીના સંજોગો વચ્ચે ગુજરાતના કેટલાક ભાગોમાં હજુ મેઘમહેર થઈ નથી. વરસાદ વારંવાર હાથતાળી આપી જાય છે. ત્યારે મેઘરાજા મનભરીને હેત વરસાવે તેની સૌ કોઈ વાટ નિહાળી રહ્યા છે. કચ્છ, સુરેન્દ્રનગર અને મધ્ય ગુજરાતના વિસ્તારમાં વરસાદે હજુ હાજરી જ પુરાવી હોય તેવી સ્થિતિ છે. ભૌગોલિક બાબતો અને ગ્રહોની સ્થિતિ જોતા આગામી તા. ૩ ઓગષ્ટ સુધીમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના હોવાનું હવામાનશાસ્ત્રી આંબારામ દા. પટેલે જણાવ્યું છે. જ્યારે તા. ૬ થી ૧૦ ઓગષ્ટ દરમિયાન દક્ષિણ ગુજરાત સહીત દરિયાકીનારાના વિસ્તારમાં ભારે વરસાદની સંભાવના હોવાનુ પણ તેમણે જણાવ્યુ છે.

દેશના વિવિધ ભાગોમાં ભારે પૂર તેમજ અતિવૃષ્ટિથી જનધનને હાની થવામાં છે ત્યારે ગુજરાતના ઘણા ભાગોમાં પણ અતિ ભારે વરસાદ થવામાં હતો પરંતુ કચ્છના ભાગો, ઉત્તર ગુજરાતના ભાગો તેમજ સુરેન્દ્રનગર જિલ્લાના ભાગોમાં વરસાદ ઓછો છે. કેટલાક ભાગોમાં નહિવત છે. આથી આગામી થોડાક જ દિવસોમાં જો વરસાદ નહિ આવે તો આ ભાગોમાં વાવેતર કરેલ વિવિધ પાકોને હાની થઈ શકે. વળી નહિવત વરસાદથી કેટલાક ભાગોમાં વરસાદ નથી ત્યાં વાવેતર પણ ન થઈ શકે તે સ્વાભાવિક છે. આ અંગે જોતાં દક્ષિણ પશ્ચિમ મોન્સુન દરિયા કિનારાના ભાગોમાં વરસી જતાં ઉપરના ભાગોમાં વરસાદ થતો નથી. વળી બંગાળના ઉપસાગરનું વહન પણ ફુંકાઈ જતાં ઉત્તર ભારતના ભાગોમાં ભારે વરસાદ અને અતિભારે વરસાદથી તારાજી થઈ છે. સામાન્યતઃ કચ્છ અને ઉત્તર ગુજરાતના ભાગોમાં જો

● અનુસંધાન પાન-૭ પર

# હવે ભાજપના ધારાસભ્યની ભલામણના ભાવ ચાલે છે..!!

**નીચલી કક્ષાએ પહોંચી ગયો ભ્રષ્ટાચાર : ધારાસભ્યનો ભલામણ પત્ર લેવો હોય તો બે હજાર રૂપિયા આપવા પડશે : ગાંધીનગરના એક ધારાસભ્યના કાર્યાલય પર એક મતદારને થયો કડવો અનુભવ**

ગાંધીનગર, તા.૨૯

રાજકીય સ્તરે થતા કરોડોના કૌભાંડો તો સંબંધિત રાજકારણીનું સ્ટાન્ડર્ડ જાળવે છે. મોટા મોટા ભ્રષ્ટાચારો અને ખાયકી હવે સામાન્ય થઈ ગયા છે પરંતુ આજે જે કિસ્સો ધ્યાને આવ્યો છે તે જોતા શરમની લાગણી અનુભવાઈ રહી છે કે ભ્રષ્ટાચાર હવે કેટલી નીચલી કક્ષાએ પહોંચી ગયો છે..!! કેટલાક ક્ષેત્રોમાં અરજદાર જો ધારાસભ્યનો ભલામણ પત્ર રજૂ કરે તો તેને અગ્રીમતા આપવામાં આવતી હોય છે. આ ભલામણ પત્ર ધારાસભ્ય કાર્યાલય પરથી તમને

● અનુસંધાન પાન-૭ પર

## જુઓ, કોંગ્રેસના ધારાસભ્ય તો મફતમાં ભલામણપત્ર આપે છે

જે યુવાન ભાજપના ધારાસભ્યના કાર્યાલય પર જઈ ધારાસભ્યના સંબંધીને મળ્યો હતો અને ભલામણ પત્રની માગણી કરી હતી. તે યુવાનને બે હજાર રૂપિયા ભલામણ પત્રના થશે તેવું કહીને વચેટીયાએ તગેડી મૂક્યો હતો. નિસાસા નાંખીને ભલામણપત્ર લીધા વગર ભાજપના ધારાસભ્યના કાર્યાલયમાંથી નીકળી ગયેલો. આ યુવાન બીજે દિવસે કોંગ્રેસના ધારાસભ્ય પાસે પહોંચ્યો હતો. યુવાને ત્યાં જઈને પોતાની સાથે થયેલા ભાજપના ધારાસભ્ય કાર્યાલયના કડવા અનુભવનો સહેજ પણ ઉલ્લેખ કર્યો ન હતો. આ યુવાન સીધો ધારાસભ્યને જ મળ્યો હતો અને તેને સેના માટે ભલામણ પત્ર જોઈએ છે તે આપવીતી રજૂ કરી હતી. કોઈ જ ઓળખાણ વગર આ ધારાસભ્યએ એક રુપિયાની પણ અપેક્ષા વગર તે યુવાનને ગણતરીની મિનિટોમાં જ પોતાના સહી-સિક્કા કરીને

● અનુસંધાન પાન-૭ પર

# સે-૧૪માં ઈવીએમ મશીનની સલામતી માટે સ્ટ્રોંગ બિલ્ડીંગનુ નિર્માણ કરાશે

**બિલ્ડીંગ ફરતે કમ્પાઉન્ડ વોલ અને સી સી ટી વી કેમેરાની વોચ રહેશે : ૫ હજારથી વધુ ઇ વી એમ મશીન રહી શકશે : બિલ્ડીંગના નિર્માણ પાછળ ૩ કરોડનો ખર્ચ કરાશે**

ગાંધીનગર તા ૨૯

ચુંટણી પ્રક્રીયા માટે ઉપયોગમાં લેવાતા ઈ વી એમ મશીનને સલામતીપુર્વક રાખવા માટે સે-૧૪ માં અલાયદો સ્ટ્રોંગ બિલ્ડીંગ બનાવાશે. જયારે આ કાર્યયોજના પાછળ રૂ ૩ કરોડનો ખર્ચ કરવામાં આવશે. સ્થાનિક મહાનગરપાલિક તેમજ તાલુકા - જિલ્લા પંચાયતથી માંડીને વિધાનસભા લોકસભાની ચુંટણીના અંતે આ મશીન અત્યાર સુધી સરકારી કોલેજમાં સાચવવામાં આવતા હતા. જયારે હવે આ માટે અલગ વ્યવસ્થા ઉભી કરવાનુ આયોજન કરી દેવાયુ છે.

મહાનગરપાલિકા કે તાલુકા જિલ્લા પંચાયત સહીત વિધાનસભા કે લોકસભાની ચુંટણીના ઉપયોગમાં લેવાતા ઈ વી એમ મશીનની યોગ્ય સલામતી ગંભીર અને મહત્વની બાબત છે. અત્યાર સુધી ચુંટણી દરમિયાન આ ઈ વી એમ મશીન સરકારી કોલેજમાં પુરતા પોલીસ બન્દોબસ્ત વચ્ચે રાખવામાં આવતા હતા. પરંતુ ઈ વી એમ મશીનને રાખવા માટે યોગ્ય વ્યવસ્થા ગોઠવાય તે અનિવાર્ય હોવાનુ ધ્યાને આવ્યુ હતુ.

● અનુસંધાન પાન-૭ પર

## ૪ માસમાં ૬ રક્તપિત્તના દર્દી મળી આવ્યા

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર જિલ્લામાં એપ્રિલથી જુલાઈ માસના ગાળામાં જ રક્તપિત્તના નવા છ દર્દી મળી આવ્યા છે. મળતી વિગતો પ્રમાણે આ દર્દીઓ ગાંધીનગર, કલોલ અને દહેગામ તાલુકામાંથી મળી આવ્યા છે. રક્તપિત્તના મળી આવેલા આ દર્દીઓના પગલે આરોગ્ય તંત્ર પણ કામે લાગી ગયું છે. આ દર્દીઓની સારવારનું મોનીટરીંગ પણ નિયમિત રીતે હાથ ધરવામાં આવ્યું છે.



જયપાર્વતી વ્રતની પૂર્ણાહુતિ - શહેરમાં કુંવારીકાના વ્રત પર્વના માહોલમાં રવિવારે જયાપાર્વતી વ્રતની પૂર્ણાહુતિ પૂજા યોજાઈ હતી... સેક્ટર-૭ શીવશક્તિ મંદિર ખાતે કુંવારીકાઓએ વિધિવત પૂજન અર્ચન કર્યા હતા અને પ્રાર્થના કરી હતી કે જીવનનો આગામી સમય સુખ-સમૃદ્ધિ અને શાંતિમય પસાર થાય... ઉજ્જ્વળ કારકિર્દી તથા ઉત્તમ ઘર અને વર પ્રાપ્તિની પ્રાર્થના કરી હતી....

# અમદાવાદમાં આજે રિક્ષાચાલકોની હડતાલ

**રીક્ષાચાલકોની હડતાળને પગલે સામાન્ય નાગરિકો ખાસ કરીને મહિલાઓ, વૃધ્ધોને હાલાકીનો સામનો કરવો પડશે**

અમદાવાદ, તા.૨૯

અમદાવાદ શહેરમાં ટ્રાફિકની વિકટ બની રહેલી સમસ્યામાં ઓટોરીક્ષાચાલકોના બેજવાબદાર અને આડેધડ પાર્કિંગના વલણને લઈ વધારો થઈ રહ્યો હોઈ ટ્રાફિક વિભાગે શહેરમાં ઓટોરીક્ષાચાલકો વિરૂધ્ધ પણ ઝુંબેશ હાથ ધરી હતી. જેને પગલે નારાજ રીક્ષાચાલકો દ્વારા પોલીસની ખોટી કનડગત અને હેરાનગતિ થઈ રહી હોવાના આક્ષેપો સાથે ભારે નારાજગી વ્યકત કરી હતી અને આવતીકાલે સોમવારે અમદાવાદ શહેરમાં રીક્ષાચાલકોની હડતાળનું એલાન આપવામાં આવ્યું છે. રીક્ષાચાલકોની હડતાળને પગલે આવતીકાલે સામાન્ય નાગરિકો ખાસ કરીને મહિલાઓ, વૃધ્ધોને ભારે હાલાકીનો સામનો કરવો પડે

● અનુસંધાન પાન-૭ પર

**ભાડે / વેચાણ આપવાના છે**

**ભાડે :**
- ફ્લેટ 3BHK PDPU રોડ, ફેમિલી માટે
- બંગ્લો - સે.૮, 4BHK ઓફીસ/ફેમિલી માટે

**વેચાણ :**
- ફ્લેટ 2BHK સૌંદર્ય-૪૪૪, ખ રોડ
- ફ્લેટ - ગ્રા.ફ્લોર 2BHK સે.૨૯, ચ-૬ પાસે.
- ફ્લેટ 3BHK ૧૭૦ વાર પ્રતિક મોલની સામે.
- બંગલો - પ્લોટ ૨૦૦ વાર 3BHK કુડાસણ

**ભાડે / વેચાણ જોઈએ છે.** ફ્લેટ / ટેનામેન્ટ / બંગલા સે.૧ થી ૩૦, સરગાસણ, કુડાસણ, રાયસણ, રાંદેસણ, વાવોલ.

**THE SPACE**
**9328801440**
**9328701440**

## ઝીયારત/બેસણું



મારા પુત્ર **શ્રી ઈમ્તિયાઝ અહેમદ મહીનોદિન તીરમીઝી (ઓરાણ વાળા) (હેડ કલાર્ક, માર્ગ અને મકાન વિભાગ, ગાંધીનગર)**નું તા.૨૯/૦૭/૨૦૧૮ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્દગતની ઝીયારત : તા.૩૧/૦૭/૨૦૧૮ મંગળવારે સવારે ૯.૩૦ કલાકે સદ્દગતના નિવાસસ્થાને તેમજ ૩૧/૦૭/૨૦૧૮ મંગળવારે સદગતનું બેસણું સાંજે ૩ થી ૭ કલાકે** સદ્દગતના નિવાસસ્થાને રાખેલ છે.

**સ્થળ : પ્લોટ નં.૨૧૮/૨ , સેક્ટર ૩બી, ઠાકોર ભવનની પાછળ, ગાંધીનગર**

**સરતાજ બેગમ મહીનોદિન તીરમીઝી**
**મોહંમદ ફારૂક મહીનોદિન તીરમીઝી**
**મોહંમદ ઇકબાલ કાસમબાપુ તીરમીઝી**
**ઝાકિરહુસેન સૈયદઅલી તીરમીઝી**

**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT · BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ**®
AN ISO 9001:2008 Certified Company
**મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ**
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com